<u>**આંક–૧ નીચે તળે હુકમ**</u>

**ક્રિમીનલ કેસ નં.**

<u>**ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૫એએ, ૧૧૬(બી) વિ.**</u>

<u>**ઠરાવ**</u>

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની મુદ્દામાલ કલેઈમ કરતા નથી તે પુરસીસ તથા ફરીયાદીનો રીપોર્ટ કે આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ /પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે. તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે <u>**ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)**</u> આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

<u>**હુકમ**</u>

આરોપીને બીએનએસએસની કલમ ૨૭૫ મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ <u>**૬૫એએ, ૧૧૬(બી)**</u> **વિ.**ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને કુલ દંડ રુ**. 1000/–પુરા અંકે એક હજાર રુપીયા** નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દીન ૨ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

હાલના કામે મુદ્દામાલ અંગે અગાઉ હુકમ થયેલ તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ થયેલ ન હોય તો સંબંધિત પોલીસ સ્ટેશનને વેલ્યુએબલ મુદ્દામાલના માલિકની ખરાઈ કરી, અપીલ સમય બાદ માલીકને પરત આપવા હુકમ કરવામાં આવે છે. નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુકામઃ અમદાવાદ
તા.૧૪/૧૨/૨૦૨૪

**(વી. આર. ચૌધરી)**
૨૨માં એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
**કોડ નં.જીજે. ૦૦૮૧૫.**

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદત: ૧૪/૧૨/૨૦૨૪ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

<u>**:વધુ હુકમ:**</u>

**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**
આજરોજ લોક અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. ૧૪/૧૨ /૨૦૨૪

**(વી. આર. ચૌધરી)**
૨૨માં એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
**કોડ નં.જીજે. ૦૦૮૧૫.**